R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 46 DATE: 17-11-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં સીબીઆઇને એન્ટ્રી માટે સરકારની લેખિત પરવાનગી લેવી પડશે

સીબીઆઇ ભ્રષ્ટાચાર પર એક તરફી તપાસ કરી રહી હોવાના કાગારોળ બાદ, આંધ્ર અને પશ્ચિમ બંગાળની સરકારે રાજયમાં સીબીઆઇના સીધા હસ્તક્ષેપ પર પાબંધી ફરમાવી દીધી છે.આંધ્ર સરકારે ઓગષ્ટમાં દિલ્હી પોલીસ સ્થાપના કાયદા હેઠળ સીબીઆઇને રાજયમાં તપાસ અને દરોડાની અનુમતિ આપી હતી. પરંતુ હવે આધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળે દિલ્હી પોલીસ સ્થાપના કાયદા હેઠળની સર્વસંમતિ પરત ખેચતા સીબીઆઇ માટે રાજયના દ્વાર બંધ થયા છે.સીબીઆઇ પર પાબંદી મુકયા બાદ રાજય સરકારે તપાસ, દરોડા કે તલાસીનું કામ એન્ટકરપ્શન બ્યુરોને સોપવાનો નિર્ણય કર્યો છે.

રાજય સરકાર દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું હતું કે સીબીઆઇના દુરપયોગના આક્ષેપો બાદ મુખ્યમંત્રી નાયડું એ આ પગલું ભર્યુ છે.રાજય સરકારના આદેશ બાદ સીબીઆઇ રાજયની અંદર સીધો હસ્તક્ષેપ નહીં કરી શકે.સીબીઆઇને કોઇ કેસની તપાસ માટે આંધ્ર આવવું હશે તો રાજય સરકારની પુર્વ મંજુરી લેવી પડશે. અને મંજુરી મળ્યા બાદ જ રાજયમાં આવી શકશે.નાયડુના આ નિર્ણય બાદ આંધ્ર અને કેન્દ્ર સરકાર વચ્ચે ટકરાવી સ્થિતિ પેદા થશે તે નક્કી છે.આંધ્રના નિર્ણય પર સીબીઆઇએ સત્તાવાર રીતે કંઇ કહ્યુ નથી પરંતુ સીબીઆઇ સુત્રોના જણાવ્યા મુજબ જો બીજા રાજ્યોએ આંધ્રના પગલાનું અનુકરણ કર્યુ તો સીબીઆઇની સ્થિતિ ન ઘરની ન ઘાટની જેવી બની રહેશે.

ચંદ્રબાબુ નાયડુએ એવો આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકાર સેન્ટ્રલ એજન્સીઓનો દુરપયોગ કરીને તેમની સરકારને ઉથલાવી નાંખવાનો કારસો કરી રહી છે.સીબીઆઇ અને ઇન્કમટેક્ષ વિભાગ આંધ્ર સરકારને ઉથલાવવા કેન્દ્રને સાથ આપી રહ્યા છે.આવી સ્થિતિમાં સીબીઆઇની એન્ટ્રી અટકાવવી જરુરી હોવાથી આ કદમ ઉઠાવાયું છે.નાયડુંએ કહ્યુ હતું કે ભાજપે વાયએસઆર કોગ્રેસના નેતા જગનમોહન સાથે મળીને આંધ્ર સરકારનો અસ્થિર બનાવી રહી છે.સીબીઆઇ પર પાબંધી મુકયા બાદ નાયડુએ કહ્યુ હતું કે કેન્દ્ર સરકાર હિંદુઓની ભાવનાને ભડકાવી રહી



છે. આંધ્રની કાનુન વ્યવસ્થા ખરાબ



કરવા માટે બિહાર અને બીજા રાજયોમાંથી ગુંડાઓને અહીં ધકેલવામાં આવી રહ્યા છે.

પશ્ચિમ બંગાળની મમતા બેનરજીની સરકારે પણ આંધ્રના ચંદ્રાબાબુ નાયડુ સરકારના નિર્ણયને અનુસરતાં સીબીઆઇને સોપવામાં આવેલી સામાન્ય મંજુરી પાછી ખેચીં લીધી છે.મમતા બેનરજીએ પણ નાયડુને સમર્થન આપતાં કેન્દ્રની ભાજપ સરકાર પર સીબીઆઇના દુરપયોગના આરોપ લગાવ્યા હતા.પશ્ચિમ બંગાળે ૧૯૮૯માં તત્કાલીન ડાબેરી સરકારના શાસન દરમિયાન સીબીઆઇને સામાન્ય મંજુરી આપી હતી.પશ્ચિમ બંગાળના એક અધિકારીના જણાવ્યા મુજબ બહાર પાડેલા જાહેરનામા પછી સીબીઆઇએ હવે અદાલતના આદેશ ઉપરાંત અન્ય કોઇપણ કેસમાં તપાસ માટે હવે રાજય સરકારની મંજુરી લેવી પડશે.ભાજપના રાજયસભાના સભ્ય જીવીએલ નરસિંહા રાવે એક નિવેદનમાં જણાવ્યુ હતું કે રાજય સરકારે સીબીઆઇના વર્તમાન ઘટનાક્રમનું બહાનું લીધું છે.હકીકતે તેની ઇચ્છા ભ્રષ્ટાચારીઓને બચાવવાની તેમજ ભ્રષ્ટાચાર અને અપરાધિક કૃત્યોમાં સામેલ લોકો,સંગઠન અને રાજનેતાઓને સંરક્ષણ આપવાનું છે.

આંધ્ર સરકારે દિલ્હી પોલીસ સ્થાપના કાયદા ૧૯૪૬ હેઠળ પ્રદાન કરવામાં આવેલી સર્વસંમતિ પરત ખેચી લીધી છે. સરકાર દ્વારા જારી નોટીફીકેશનમાં કહેવાયું છે કે દિલ્હી પોલીસ સ્થાપના કાનુન ૧૯૪૬ની ધારા ૬ હેઠળ દિલ્હી પોલીસના સભ્યોને આંધ્રમાં તેની સત્તાઓનો ઉપયોગ કરવાની જે સર્વસંમતિ અપાઇ હતી તે પરત લેવામાં આવે છે.સીબીઆઇ ૧૯૪૬ના દિલ્હી પોલીસ સ્થાપના કાયદા હેઠળ કામ કરે છે. દિલ્હી પોલીસ સ્થાપના કાયદા અનુસાર સીબીઆઇ દિલ્હીમાં પુર્ણ સત્તા અને અધિકાર ધરાવે છે.પરંતુ સીબીઆઇ દિલ્હી સિવાયના રાજ્યોની સરકારોને સર્વસંમતિને આધારે જ કાર્યવાહી કરી શકે છે.હવે સીબીઆઇ આંધ્ર વિરુધ્ધ કોર્ટમાં જશે કે કેમ તે એક સવાલ છે.

સીબીઆઇની એન્ટ્રી અટકાવવાના નિર્ણયને કાયદા હેઠળ કોર્ટમાં પડકારી શકાય કે કેમ તેનો વિકલ્પ સરકાર શોધવાનો પ્રયત્ન કરશે.કારણકે ભાજપને ૨૦૧૯ની ચુંટણી જીતવા માટે સીબીઆઇ પોપટનો દુરપયોગ કરવાનો છે તેવી ધારણા વિરોધ પક્ષો રાખી રહ્યા છે.

રાજય સરકાર દ્વારા જારી કરાયેલા નોટીફીકેશન મુજબ હવેથી સીબીઆઇ રાજયમાં કોઇ તપાસ કરવા માંગતી હશે તો લેખિત મંજુરી વગર કોઇપણ અધિકારીને રાજયમાં આવવા નહીં દેવાય.

## ભાજપે મહત્વની સંસ્થાઓને નષ્ટ કરી નાંખી : મમતા બેનરજી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્રમાં ભાજપ નેતૃત્વ વાળી એનડીએ સરકાર પર શાબ્દિક ચાબખા મારતાં કહ્યુ હતું કે ભાજપ સરકારે સીબીઆઇ અને રિઝર્વ બેન્ક જેવી મહત્વની સંસ્થાઓને નષ્ટ કરી નાંખી છે.તુણમુલ કોગ્રેસના વડા મમતા બેનરજીએ કહ્યુ હતું કે અમારી પાર્ટી દેશની બરબાદ થતી સંસ્થાઓને બચાવવામાં મહત્વપુર્ણ ભુમિકા નિભાવી શકે છે. તેમણે કોલકત્તામાં પાર્ટીની એક મહત્વપુર્ણ બેઠકમાં કહ્યુ કે એનડીએ સરકાર સંસ્થાઓને ખતમ કરી રહી છે. તેમજ આરબીઆઇ અને સીબીઆઇની કાર્યપ્રણાલીને બદલવાની કોશીશ થઇ રહી છે.પાર્ટીએ મુર્તિઓ બનાવવાનો પોતાનો ચુંટણી એજન્ડા નક્કી કરી લીધો છે.એ આગામી લોકસભા ચુંટણી બાદ ખુદ એક મુર્તિ બની રહેશે. મમતાએ વધુમાં કહ્યુ હતું કે ભગવા પાર્ટી એનઆરસી લાગુ કરીને સાંપ્રદાયિક વિભાજન કરવા માંગે છે.

## અમેરિકામાં જીવનસાથીને વર્કપરમિટનો નિયમ રદ કરવા સામે બીલ

અમેરિકાના બે સાંસદોએ એચ૧બી વિઝાધારકોના જીવનસાથીને વર્ક પરમીટનો નિયમ રદ કરવાથી ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રને અટકાવવાની માંગણી કરતો એક ઠરાવ કોગ્રેસમાં દાખલ કરાયો છે.તેમનુ ંકહેવું છે કે આ લાભ નાબુદ કરવાથી ઘણા વિદેશી કામદારો તેમનું ટેલેન્ટ અમેરિકાના વેપાર-ધંધા સામેજ સ્પર્ધા માટે ઉપયોગ કરવી ફરજ પડશે.જો આ ઠરાવ પસાર થાય તો ભારત સહિતના વિદેશીઓને ફાયદો થશે.એચ-૪ વિઝા, એચ-૧બી વદેશી કામદારોના જીવનસાથીને જારી કરાઇ છે.આ નોન-ઇમીગ્રન્ટ વિઝા છે.જેનાથી ઘણાં ભારતીય કામદારો અમેરિકી કંપનીઓમાં નોકરી કરે છે.

## કૌભાંડીઓ જ રાજ્યમાં સીબીઆઇ તપાસનો વિરોધ કરે છે : જેટલી

પશ્ચિમ બંગાળ અને આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રીઓ દ્વારા રાજયોમાં સીબીઆઇ તપાસના વિરોધ સામે નાણાંમત્રી અરુણ જેટલી કહ્યુ હતું કે જેમની પાસે છુપાવા માટે ઘણુ હોય છે તેઓ સીબીઆઇને પોતાના રાજયમાં દાખલ થવા દેતા નથી.તેમને એ વાતનો ભય સતાવે છે કે તેમના કોભાંડો ખુલ્લા ના થઇ જાય.એવું કોઇપણ રાજય નથી જયાં ભ્રષ્ટાચાર ન હોય.એવામાં સીબીઆઇને રોકવી તેનો વિરોધ કરવો એ પોતાના બચાવ સમાન છે.મમતા બેનરજી અને નાયડુએ સીબીઆઇના



દરોડા પાડવા અને તપાસ ચલાવવા માટે આપેલી મંજુરી પાછી ખેચીઅને મોદી સરકાર પર આરોપો લગાવ્યા તે બરાબર નથી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

### ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

### ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેન્ક વચ્ચેની ચકમક હાલ પુરતી શાંત પડી છે પરંતુ તે યુધ્ધ પહેલાની શાંતિ છે.કેન્દ્ર સરકારે લીધેલા કેટલાક આક્રમક નિર્ણયોને કારણે દેશની આર્થિક સ્થિતિ કથળી છે તેનો વસવસો રિઝર્વ બેન્ક દ્વારા છેલ્લા કેટલાક વખતથી કરવામાં આવી રહ્યો છે. જે નાણાં મંત્રીની સહન શક્તિની બહાર છે.તેથી કેન્દ્રીય સરકાર રિઝર્વ બેન્કને પોતાના તળીયા ચાટતી કરવા માટેની અવનવી તકનીકો જુદા જુદા કાયદા હેઠળ અજમાવવામાં આવી રહી છે.રિઝર્વ બેન્ક પર પોતાનો અંકુશ જમાવવા માટેના સરકારના ધમપછાડા કેટલે અંશે વ્યાજબી છે તે નક્કી કોણ કરશે ?પરંતુ હાલમાં તો તેની પર કાબુ જમાવવાના ભારે પ્રયત્નો ચાલુ છે.રિઝર્વ બેન્કના બોર્ડમાં સરકાર નિયુક્ત સભ્યો જે છે તે સંઘ પરિવારમાંથી આવે છે.જેઓ રિઝર્વ બેન્કને હસ્તગત કરવાની નેમ ધરાવે છે. જેટલા સરકારી સંસ્થાનો છે તેના પર તેમનો કાબુ મેળવવાના પ્રયત્નો ૨૦૧૪બાદ ભાજપાની સરકારે કર્યા છે.અને તેમાં સંઘના નેતાઓને મુકી આ સંસ્થાઓ પ ર પોતાનો કાબુ જમાવવા પ્રયત્ન આદર્યો છે જે યોગ્ય નથી.

સરકારની દલીલ એવી છે કે રિઝર્વ બેન્કની ભુમિકા સરકારને સહાયક હોવી જોઇએ.સરકાર માટે સલાહકારી નહીં. પરંતુ સરકારની આ દલીલ યોગ્ય નથી.સરકાર રાજકીય પ્રતિનિધિઓની બનેલી હોય છે તેમના માટે દેશ સબંધી નિર્ણયોની સાથે પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવવાનું હોય છે.જ્યારે રિઝર્વ બેન્કના સ્વાયત પદાધિકારીઓને એવી કોઇ રાજકીય મજબુરી હોતી નથી.થોડા સમય પહેલાં રિઝર્વ બેન્કના ઉચ્ચ અધિકારીઓએ સ્વાયત્તતાની માંગ બુલંદ કરી હતી.એનો મતલબ એ છે કે સરકારના બદ ઇરાદાઓની ગંધ તેમને આવી ગઇ છે.

સરકાર રિઝર્વ બેન્ક પાસેથી કેટલી ચલણી નોટો છાપવી તેનો એકાધિકાર છીનવી લેવા માંગે છે.રિઝર્વ બેન્ક બિન ચુંટાયેલ અને રાજકીય પક્ષાપક્ષીથી પર એવી સંસ્થા છે તેનું જતન કરવાને બદલે સરકાર તેને પોતાની ખંડીયા સંસ્થા બનાવી દેવા માંગે છે.લોકશાહીમાં લોકો પાસે આખરી સત્તા હોય છે એ બરાબર પરંતુ લોકોના મતથી ચુંટાયેલી સરકાર પોતે અન્ય તમામ સંસ્થાઓની સત્તા ખુંચવી લઇ પોતે સત્તાનો એકાધિકાર સ્થાપી દે તેના અનેક ભયસ્થાનો રહેલા છે.આવું કાર્ય દેશ માટે ભારે નુકશાનકારક છે.

## કાશ્મીરી પંડિતોની 'ઘર વાપસી' ક્યારે થશે તેવો અણિયારો સવાલ કેન્દ્રને કરતી શિવસેના

શિવસેનાએ નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન્સના મુદ્દે કેન્દ્રની મોદી સરકારને ટેકો આપ્યો છે, જો કે સામે શિવસેનાએ સવાલ કર્યો છે કે શું કેન્દ્ર સરકારમાં વિસ્થાપિત થયેલા કાશ્મીરી પંડિતોની ઘરવાપસી કરાવવાની હિંમત છે ? ભાજપના સહયોગી પક્ષે વધુમાં જણાવ્યુ હતું કે દેશની સુરક્ષા માટે ખતરારુપ હોય તેવા ઘુસણખોર તત્વોને કાશ્મીરમાંથી ઉખાડી ફેકવા જોઇએ. જમ્મુ અને કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો આપતી કલમ ૩૭૦ને હટાવવી તે એનઆરસી ડ્રાફ્ટ જાહેર કર્યો તેટલું જ રાષ્ટ્રવાદી કાર્ય છે.

શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં જણાવ્યું છે કે ભાજપ આસામમાં ૪૦ લાખ ઘુસણખોરોને તગેડવા સખત મહેનત કરી રહ્યુ છે. આવા ગેરકાયદે તત્વો બહાર ખદેડવા તે રાષ્ટ્રવાદી કામ છે. અને અમે તેના માટે કેન્દ્ર સરકારને અભિનંદન આપીએ છીએ. ગેરકાયદે રહેવાસીઓ બાંગ્લા દેશી, શ્રીલંકન,પાકિસ્તાન કે રોહિગ્યા મુસ્લીમો હોય, તેમને દેશ બહાર કરવા જોઇએ.

જે આસામમાં થયું તે કાશ્મીરમાં પણ થયું હતું. શિવસેનાએ કહ્યુ હતું કે દેશની સુરક્ષાને માત્ર આસામના ૪૦ લાખ ઘુસણખોરોથી ખતરો નથી. કાશ્મીરમાં સ્થિતિ દિવસે ને દિવસે બદતર બની રહી છે. પ કિસ્તાનમાં ઇમરાનખાનના નેતૃત્વમાં ભારતને વધુ ખતરો રહેલો છે. જો કે પાકિસ્તાનમા તાજેતરમાં ચુંટણીઓમાં થયેલ સત્તા પરિવર્તનમાં ઇમરાનખાનની પાર્ટી વધુ સીટો જીતી અને તેમણે ગોધરાકાંડની યાદ તાજી કરાવી.એનો મતલબ એ થાય છે કે તેઓ ભારત સાથેના સબંધો સારા બને તે દિશામાં કામ કરશે નહીં પરંતુ વેરની વસુલાત જેવા કાર્યક્રમો કરશે.

## ટેક્સમાં ગુંચવાડો હોય તો લાભ કરદાતાને ન મળે : સુપ્રીમ કોર્ટ

કરવેરા મુક્તિને લગતાં જાહેરનામાંના મામલે સુપ્રીમ કોર્ટે તેનો ૨૧ વર્ષ જુનો ચુકાદો પાછો ઠેલવ્યો છે અને કહ્યુ છે કે કરરાહતોના મામલે નોટીફિકેશનમાં કોઇ પણ ગુંચવાડો(અસ્પષ્ટતા) સરકારની તરફેણમાં જ ધ્યાનમાં લેવા જોઇએ.૧૯૯૭માં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે કરમુક્તિની જોગવાઇ અથવા નોટિફીકેશનમાં કોઇપણ ગુંચવાડો હોય તો તેનો લાભ કરદાતાને ન મળવો જોઇએ.પરંતુ હવે તેણે આ ચુકાદો રદબાતલ ઠેરવ્યો છે.આમ કરમુક્તિમાં હવે કોઇ ગુંચવાડો સમજીને કોર્ટમાં જનાર કરદાતાને કોઇ લાભ નહીં મળે.પાંચ જજની બંધારણીય બેન્ચે કહ્યુ હતું કે આકરા અર્થઘટનને પાત્ર હોય તેવા સરકારના જાહેરનામાંમાં વેરામુક્તિમાં કોઇપણ ગુંચવાડોનો દાવો કરદાતા ન કરી શકે.જસ્ટીસ રંજન ગોગોઇની આગેવાની હેઠળની બેન્ચે કહ્યુ હતું કે તેનો કેસ મુક્તિની જોગવાઇ અથવા નોટીફીકેશનના માપદંડમાં આવે છે તે દર્શાવવા માટે લાભ મેળવવાની યર્થાથતા સાબિત કરવાનો બોજ પણ કરદાતાએ ઉઠાવવાનો રહેશે.ઉલ્લેખનીય છે કે ૧૯૯૭માં સન એક્સપોર્ટ કોર્પો.અને મુબઇ કસ્ટમ કલેકટર અંગેના કેસમાં ત્રણ જજની બેન્ચે ઠરાવ્યુ હતું કે કરવેરા મુક્તિ અથવા જાહેરનામાંમાં કોઇ ગુંચવાડો હોય તો તેને આવી મુક્તિનો દાવો કરતાં કરદાતાની તરફેણમાં અર્થઘટિત કરવા જોઇએ.

જો કે કરવેરા ભરવાની બાબતે મતમતાંતરો હોવાથી ગુંચવાડાઓ ઊભા થાય છે.આખરે કરમુક્તિ મળી શકે કે કેમ તે માત્ર આવકવેરા અધિકારી દ્વારા જ નક્કી કરાય અને ત્યારે કરદાતાને મુશ્કેલીઓ પડે છે.કહેવાતા નિષ્ણાતોના અભિપ્રાય પર આધારીત કરમુક્તિ શક્ય ન બને ઉપરથી બોજો સહન કરવો પડે.

## આસામમાં ૪૦ લાખ લોકો એનઆરસીમાંથી બાકાત કરાયા બાદ દંડાત્મક કાર્યવાહી સામે સુપ્રીમ કોર્ટની રોક

આસામમાં નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન્સ(એનઆરસી)માં ૪૦ લાખ લોકોના નામની બાદબાકી મામલે સમગ્ર દેશમાં સત્તારુઢ અને વિપક્ષો વચ્ચે આક્ષેપો -પ્રતિઆક્ષેપો થઇ રહ્યા છે ત્યારે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે એનઆરસીના સમગ્ર મુસદ્દાના પ્રકાશનના આધારે કોઇની સામે જોર જુલમ કરી શકાશે નહીં, કેમકે આ માત્ર મુસદ્દો છે.સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે આ મુસદ્દો આખરી નથી અને કોઇને પરેશાન કરાશે નહીં.તેણે આ મામલે દાવા અને વાંધાઓ પર દેખરેખ અને તેના નિકાલ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર ઘડવા અને તેને મંજુરી માટે મોકલવા કેન્દ્રને સુચના આપી હતી.

સુપ્રીમે કહ્યુ હતું કે આ પ્રક્રિયા યોગ્ય હોવી જોઇએ અને તેમાં એનઆરસીમાંથી બાદબાકી ધરાવતી વ્યક્તિને રજુઆતની યોગ્ય તક પુરી પાડવી જોઇએ.જસ્ટીસ રંજન ગોગાઇ અને જસ્ટીસ આર.એફ.નરીમાનની બેન્ચે જણાવ્યુ હતું કે કોર્ટે એમ નોંધવાનું પસંદ કરશે કે જે કંઇ પણ પ્રકાશિત થયું છે તે એનઆરસીનો એક પુર્ણ મુસદ્દો છે, જે કોઇ સત્તાવાળા દ્વારા કોઇ દંડાત્મક પગલાંનો આધાર ન હોઇ શકે.

પશ્ચિમ બંગાળ ના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ઘુસણખોરીની ઓળખ માટે તૈયાર એનઆરસીના ડ્રાફટ મામલે નારાજગી દર્શાવી છે અને કહ્યુ છે કે લોકોમાં ભાગલા પાડવા માટે રાજકીય હેતુથી આ કવાયત હાથ ધરાઇ છે.તેમણે ચેતવણી આપી છે કે આસામમાં ૪૦ લાખ લોકોને દેશના નાગરિક ગણવા સામે જે સવાલ શરુ થયો છે તેનાથી ખુનામરકી થશે અને નાગરીક યુધ્ધ ફાટી નીકળશે.ભાજપ પર પ્રહારો કરતાં તેમણે કહ્યુ કે કેસરીઓ પક્ષ દેશના ભાગલાનો પ્રયાસ કરી રહ્યો છે.પરંતુ તે ચલાવી લેવામાં આવશે નહીં.પુર્વ પ્રમુખ ફકરુદીન અહેમદના પરિવારના સભ્યોના નામો પણ એનઆરસીમાં સામેલ કરાયાં ન હોવાનું તેમણે જણાવ્યુ હતું.

મમતા બેનરજી ગૃહમંત્રી રાજનાથસિંહને મળ્યા હતા.અને એનઆરસી બિલમાં નવું સંશોધન કરવા અથવા નવું બિલ બનાવવાની માંગણી કરી હતી.ગૃહમંત્રીએ તેમને ખાત્રી આપી હતી કે કોઇનું નામ ખોટી રીતે રહી જાય નહી તે અંગે સ્પષ્ટતા કરી હતી.તેમણે કહ્યુ હતું કે ભાજપના લોકો કહે છે કે આસામ બાદ પશ્ચિમ બંગાળ આગામી ટાર્ગેટ છે.મારો સવાલ છે એ છે કે આ આદેશ તેમને કોણે આપ્યો છે ? હાલમાં કોઇ બંગાળ અંગે કહે છે એ પછી બિહાર અને મહારાષ્ટ્રની વાત કરશે. એ પછી ગુજરાત અને યુપી શું આવી રીતે દેશ ચાલશે ?તેમણે ચેતવણી આપી હતી કે આ રીતે ખુનામરકી શરુ થઇ જશે. આ એક મોટી હોનારત છે.અમારા દેશના શરણાર્થીઓને કાઢીને ફરીથી શરણાર્થીઓ બનાવી દેવાં યોગ્ય નથી.અને એ રીતે તેમની ઓળખ ખતમ કરી દેવી યોગ્ય નથી.જો ૪૦ લાખ લોકો ખતમ થઇ જશે તો ભોજન,નોકરી,ઘર સહિતની વસ્તુઓ તેમને કેવી રીતે મળશે ? જો કે ગૃહમંત્રીએ તેમને આશ્વાસન આપ્યુ હતું કે આ લોકો સાથે કોઇ અમાનવીય વર્તન કરવામાં નહીં આવે.

મધ્ય અમેરીકા અને વેસ્ટ ઇન્ડીઝમાં બાલસા નામના ઝાડનું લાકડું બુચ કરતાંય વજનમાં હલકું હોય છે.

બ્રિટનની વિમાની ક્લબમાં કેઇગ બાવર્સ નામનો,પાંચ વર્ષની ઉંમરનો પાયલટ હતો.

ગ્લાસગોના ગાર્ડન સ્ટીવર્ટના બંને પગ અકસ્માતમાં કપાઇ ગયા હતા.છતાં ગીચ રસ્તાઓમાં તે સાઇકલ ચલાવતો હતો.

ડચ કવિ જીન ડી સાનિયલે ઝાડના થડમાં કવિતા કોતરીને લખી હતી.


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૦૯૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪




વિનંતી
તમારી
પ્રાર્થનામાં
અમારી
સેવાઓને
ખાસ યાદ
રાખશો.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# ભારતના પાસપોર્ટ પર હવે ૬૬ દેશોમાં વગર વિઝાએ પ્રવાસ થઇ શકશે :પાસપોર્ટ રેન્કીંગ ગત વર્ષની તુલનામાં ૯ પોઇન્ટ સુધર્યુ

ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સના હાલના રેન્કીંગમાં ભારતીય પાસપોર્ટને દુનિયામાં ૬૬મું સ્થાન મળ્યું છે.રેન્કીંગ પાસપોર્ટના વિઝા મુક્ત સ્કોર પર આધારિત રહ્યુ હતું.પોતાના પાસપોર્ટધારકોને ૬૬ દેશોમાં વગર વિઝાએ પ્રવાસ કરવા માટે ભારતીય પાસપોર્ટનું રેન્કીંગ ગત વર્ષની તુલનામાં ૯ પોઇન્ટ સુધર્યું છે.આ હાલમાં જ જારી કરાયેલા વાર્ષિક પાસપોર્ટ ઈન્ડેક્સમાં અપાયેલી વિગતો અનુસાર સિંગાપોર, અને જર્મનીના પાસપોર્ટ દ્વારા ૧૬૫ દેશોમાં પ્રવાસ વગર વિઝાએ થઇ શકે છે.આમ, આ દેશોના પાસપોર્ટ સૌથી શક્તિશાળી પાસપોર્ટ બન્યા છે.અને આ યાદીમાં ટોચના સ્થાને રહ્યા છે.

ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેકસની આ યાદીમાં અંતિમ સ્થાન અફઘાનિસ્તાનનું રહ્યું છે. જે ૨૨ પોઇન્ટ સાથે ૯૧માં ક્રમે છે.તેના પછી પાકિસ્તાન અને ઈરાકની વાત કરીએ તો તે ૨૬ પોઇન્ટ સાથે ૯૦માં સ્થાન પર સ્થિત છે.જ્યારે સીરીયા ૨૯ પોઇન્ટ સાથે ૮૮માં સ્થાન પર છે. અને સોમાલિયા ૩૪ પોઇન્ટ સાથે ૮૭માં સ્થાન પર છે.

આ પરિણામો સીટીઝનશીપ પ્લાનિંગ ફર્મ હેનલે એન્ડ પાર્ટનર્સના વાર્ષિક પાસપોર્ટ ઈન્ડેક્સનો હિસ્સો છે.આ ઈન્ડેક્સ એ દેશોની સંખ્યાના આધારે ક્રમબધ્ધ કરવામાં આવે છે જ્યો પાસપોર્ટ ધારકો વિઝા વિના જ જઇ શકે છે.અને જે તે દેશમાં વિઝા ઓન અરાઇવલની સુવિધા મેળવી શકે છે કે પછી ઈલેક્ટ્રોનીક યાત્રા અધિકાર પ્રાપ્ત કરી શકે છે.

પાસપોર્ટ ઈન્ડેક્સ હવે દુનિયાના પાસપોર્ટ પ્રદર્શિત કરવા,ક્રમબધ્ધ કરવા અને શ્રેણીબધ્ધ કરવા માટે સૌથી લોકપ્રિય ઓનલાઈન સાધન બની ગયું છે.આ ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ સીમા પાર જતાં રાષ્ટ્રીય પાસપોર્ટને શ્રેણીબધ્ધ કરે છે.અને વિઝામુક્ત સ્કોર આપે છે.જ્યાં પાસપોર્ટ ધારકને વિઝામુક્ત કે વિઝા ઓન એરાઈવલની સુવિધા સાથે જઈ શકે છે.પાસપોર્ટ ધરાવતા ભારતીયોને જે દેશોમાં વગર વિઝાએ જવાની સુવિધા પ્રાપ્ત છે તેમાં મુખ્યત્વે ભુટાન,ફિજી,કિનિયા,કમ્બોડીયા,ઝિમ્બાવે, માલદિવ, ઈન્ડોનેશીયા, જોર્ડન,ઈથોપીયા,જ્યોર્જીયા, ગુયાના, મોરેશીયશ, રવાન્ડા, નેપાળા, પલાઉ, મ્યાનમાર, સોમાલીયા, થાઈલેન્ડ, ઝામ્બીયા,સેન્ટ લુસીયા વગેરે દેશો છે. જ્યાં ભારતીય પાસપોર્ટ ધરાવતા ભારતીય નાગરિકોને વિઝા ઓન એરાઈવલની સુવિધા પ્રાપ્ત કરીને ત્યાં ફરી શકે છે.

# રામમંદિરના મુદ્દાને અભરાઇએ ચડાવી ચુકેલી સરકારને ઉથલાવી દેવાની સંઘને શીખ આપતા શિવસેનાના ઉદ્ધવ ઠાકરે

લોકસભાની ચુંટણીઓ દરમિયાના રામમંદિર બાંધવાની જોરશોરથી રજુઆત કરીને મતો અંકે કરી સત્તા મેળવી ગયેલી ભાજપા સરકારે છેલ્લા ચાર વર્ષમાં મંદિરનો મુદ્દો અભરાઇએ ચઢાવી દીધો હતો હવે ચુંટણી આવી ત્યારે આ બધાને મંદિર યાદ આવ્યું છે. ચુંટણી આવતાં રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘને રામ મંદિર માટે આંદોલનની જરુર જણાય છે જો એમ જ હોય તો તેમણે સરકારને ઉથલાવી દેવી જોઇએ.એવો સવાલ શિવસેનાના વડા ઉધ્ધવ ઠાકરેએ કર્યો હતો.

શિવસેના ભવનમાં વિધાનસભ્યો, પ્રવક્તાઓ,જિલ્લા પદાધિકારીઓની બેઠક મળી હતી.બેઠકમાં માર્ગદર્શન આપ્યા પછી ઉદવ ઠાકરે પત્રકાર પરિષદ ભરી હતી. દુકાળગ્રસ્તો માટે શિવસેના જોઇએ તે મદદ કરવા તૈયાર હોવાનું તેમણે કહ્યુ હતું.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની મહેનતને કારણે કેન્દ્રમાં મોદી સરકાર સત્તામાં આવી હોવાનું કહ્યુ, પણ સત્તામાં આવ્યા પછી સંઘ માટે મહત્વનુ રામમંદિર, કલમ ૩૭૦, કોમન સિવિલ લો જેવા મુદ્દાઓ બાજુ પર રહી ગયા. જો કે હવે રામમંદિરનો મુદ્દો શિવસેનાએ ઉઠાવતાં દોડાદોડ થઇ ગઇ છે.રામમંદિર માટે સંઘને હજુ આંદોલન કરવાની જરુર જણાય છે.બહુમતી ધરાવતા પક્ષની સરકાર સત્તામાં હોય અને આંદોલનની જરુર પડે તો તમે સરકારને ઉથલાવી કેમ કાઢતા નથી ? તેઓ અણિયાણો સવાલ તેમણે કર્યો હતો.

જો હવે સત્તામાં આવ્યા પછી જે કામ કરવાનું હતું તે થયું નથી.અને હવે દોષનુ ઠીકરુ ન્યાયતંત્ર પર ફોડવાની વાત ચાલે છે.સરકાર વટહુકમ બહાર પાડે એવું અલ્ટીમેટમ સંઘે આપ્યું છે. આમ સંઘ પોતાની આબરુ



બચાવવાનો પ્રયત્ન કરી રહ્યું છે.કોર્ટ અને સરકાર બ`ઉને તેમણે નબળા સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે.હાલમાં સંઘ અને ભાજપે મંદિરના મુદ્દે જોરશોરથી પ્રચાર કરવાનો આરંભ કર્યો છે.કોર્ટ માથે દોષનું ઠીકરુ ફોડવાનો પ્રયત્ન ચાલું છે. જે વ્યર્થ છે.જો તમે સંવિધાનને વફાદાર હો તો તમારે ન્યાયંતંત્રમાં વિશ્વાસ રાખવો જોઇએ.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# રાફેલ કૌભાંડમાંથી લોકોને ભટકાવવા માટે સરકારે બોફોર્સકાંડને ફરીથી ખોલવાનો કરેલો પ્રયત્ન સુપ્રીમ કોર્ટે નકારી કાઢ્યો

સુપ્રીમ કોર્ટે બોફોર્સ કેસ ફરીથી ખોલવાની સીબીઆઈની અપીલ નકારી કાઢી છે.રાજકીય રીતે અતિ સંવેદનશીલ આ રુ.૬૪ કરોડના લાંચકાંડને બંધ કરી દેવાના ૨૦૦૫ના હાઇકોર્ટના આદેશ સામે સીબીઆઇએ ફરીથી અરજી ફાઇલ કરી હતી.પરંતુ તેને નકારી દેતાં ચીફ જસ્ટીસ રંજન ગોગોઇની આગેવાની હેઠળની બેન્ચે કહ્યુ હતું કે તપાસ સંસ્થાએ અરજી કરવામાં ૧૨ વર્ષ સુધીનો સમય કેમ લીધો તે અંગે આપેલા કારણો ગળે ઉતરે તેમ નથી.

ઉલ્લેખનીય છે કે સામાન્ય સંજોગોમાં ચુકાદાના માત્ર ૯૦ દિવસની અંદર આવી અપીલ કરી શકાય છે.સુપ્રીમના આદેશ બાદ હવે કોગ્રેસના શાસનમાં અતિ ચર્ચાસ્પદ થયેલા બોફોર્સકાંડ પર પડદો પડી ગયો છે તેમ મનાય છે.આમ સુપ્રીમનું આ પગલું નરેન્દ્ર મોદી સરકાર અને સીબીઆઈ માટે એક મોટી પીછેહઠ સમાન છે.આ વર્ષના પ્રારંભમાં આ કેસમાં કામ ચલાવતી સંસ્થા સીબીઆઈએ નવા પુરાવા હાથ લાગ્યાનો દાવો કરીને જુના આદેશને પડકાર્યો હતો.સીબીઆએ ત્યારે કહ્યુ હતું કે બોફોર્સ ગન કેસમાં ૨૦૦૫માં દિલ્હી હાઇકોર્ટે આપેલા ચુકાદા સામે સુપ્રીમમાં જવાની તે વખતની સરકારે ના પાડી હતી.બેન્ચે કહ્યુ હતું કે આ અપીલ કરવામાં ૪૫૨૨ દિવસના બિનજરુરી વિલંબનો ખુલાસો કરવામાં પીટીશનરે જે દલીલો કરી છે તેનાથી અમે સંમત નથી.અમે નોધ્યું છે કે ફરિયાદી(અજય અગ્રવાલ) દ્વારા કરેલી ક્રિમિનલ અપીલમાં સીબીઆઈ એક પાર્ટી છે અને તેની સુનાવણી વેળાએ તે તમામ અરજીઓ ધ્યાનમાં લેવાને પાત્ર હશે.

૨૦૦૫માં દિલ્હી હાઇકોર્ટે આપેલા ચુકાદામાં ત્રણ હિન્દુજા બંધુઓ, શ્રીચંદ,ગોપીચંદ, અને પ્રકાશચંદ એ બોફોર્સ કંપની સામેના તમામ આરોપો રદ કરી દેવાયા હતા.સીબીઆઇએ જે રીતે કેસ ચલાવ્યા હતા તે મામલે તેમનો ઉધડો પણ લેવાયો હતો.કોર્ટે કહ્યુ હતું કે આનાથી સરકારની તિજોરી પર આશરે રુ.૨૫૦ કરોડનો ફટકો પડ્યો હતો. એક અન્ય જજે આ કેસમાં સ્વર્ગીય વડાપ્રધાન રાજીવ ગાંધીના નામને ક્લીન ચિટ આપ્યાના એક વર્ષ પછી આ આદેશ જારી કરાયો હતો.વારંવાર સરકાર દ્વારા કોઇને હાથા બનાવીને સીબીઆઇને કેસની અંદર જોતરીને ગાંધી પરિવારને સંડોવવાનો પ્રયત્ન કરવામાં આવે છે તે બતાવે છે કે રાજકીય વેર લેવાની રીત રસમ અપનાવાઇ રહી છે.રાજકારણમાં વિરોધીઓને પરાસ્ત કરવાની આ એક ચાલ છે જેનો કોર્ટીએ સખ્ત વિરોધ કરવો જરુરી છે.

## જાણવા જેવું

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટરનો ઉપયોગ કર્યો હતો.

નાઈલ નદી ૬૬૭૦ કી.મી.ની લંબાઈ ધરાવે છે.

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઇ હતી.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,

રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એકસ.સીની.કન્સલ્ટન્ટ

મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પુયટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પલેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૯૯૮૦૭૨૮૮૧

# કાયદા મંત્રાલયને ૨૪ કલાકમાં ચીફ જસ્ટીસ અંગેનો નિર્ણય બદલવો પડે તે શું સુચવે છે ?

ગુજરાત હાઇકોર્ટના સીનીયર મોસ્ટ જસ્ટીસ કુરેશીને બદલી કરીને મુંબઇ હાઇકોર્ટમાં મોકલી આપીને ગુજરાતમાં ચીફ જસ્ટીસનો હોદો આપવામાં સરકારે કરેલી ભુલને સુધારવા માટે ફરીથી નોટીફીકેશન જારી કરીને હાલ પુરતું એક્ટીંગ ચીફ જસ્ટીસના હોદા પર સ્થાપિત કર્યા છે.જસ્ટીસ કુરેશીને મુંબઇમાં ૧૫ નવેમ્બર સુધીમાં ચાર્જ લેવાનો છે.જસ્ટીસ કુરેશીની બદલીનો હાઇકોર્ટે એડવોકેટ એસો. દ્વારા થઇ રહેલા વિરોધ વચ્ચે કાયદા મંત્રાલયે નવું જાહેરનામું બદલીને જસ્ટીસ કુરેશીને એક્ટીંગ ચીફ જસ્ટીસ બનાવવાની ફરજ પડી છે. શું મુસ્લીમ હોવાથી તેમને ચીફ જસ્ટીસ બનાવવામાં કાયદા મંત્રાલયને તકલીફ પડી છે. અને બ્રાહ્મણ હોવાથી એક્ટીંગ ચીફ જસ્ટીસનો હોદો આપી દેવાયો હતો મુંબઇ હાઇકોર્ટમાં જસ્ટીસ કુરેશીને પાંચમાં ક્રમે મુકવામાં આવ્યા છે જે તેમની ગુજરાતની સીનીયોરીટીમાં અપેક્ષા મુજબ ચીફ જસ્ટીસ નહી બનાવાતા કરેલું અપમાન છે.આ ઘટના ક્રમ મંગે ઘાના પ્રેસિડેન્ટ યતિન ઓઝાએ જણાવ્યુ હતું કે જસ્ટીસ કુરેશીની બદલીને પડકારતી રીટ કરાશે અને તેનો વિરોધ યથાવત રહેશે.

# પત્રકારોના હત્યારાઓને સજા આપવામાં ભારતનું સ્થાન ૧૪માં નંબરે છે : સીપીજે રીપોર્ટ

પત્રકારોના હત્યારાઓને સજા કરાવવામાં ભારત ઘણું પાછળ છે.અમેરિકાની એક ગેરલાભકારી સંસ્થા કમિટિ ટુ પ્રોફિટ જર્નાલિસ્ટ (સીપીજે)ના એક વૈશ્વિક યાદીમાં આ જાણકારી પ્રકાશમાં આવી હતી. આ યાદીમાં જે દેશોને સામેલ કરાયા છે, જ્યાં પત્રકારોની હત્યા કરાઇ અન કેસની તપાસ હજુ અધ્ધરતાલ રહી હોય.ભારત આ યાદીમાં ૧૪માં સ્થાન પર છે. ચિંતાની વાત એ છે કે સતત ૧૧માં વર્ષ બાદ પણ ભારતને આ યાદીમાં સામેલ કરાયું છે.

વર્ષ ૨૦૧૮ના ઇન્ડેક્સમાં ભારત સહિત ૧૪ દેશોને સામેલ કરાયા છે.જેમાં સોમાલિયા,સીરીયા,ઇરાક, દક્ષિણ સુદાન, ફીલીપીન્સ,અફઘાનિસ્તાન, મેકસિકો,કોલંબિયા,પાકિસ્તાન,બ્રાઝિલ,રશિયા,બાંગલાદેશ અને નાઇજીરીયા પણ સામેલ છે. રિપોર્ટ મુજબ ચોટના સ્થાને સોમાલિયામાં સ્થિતિમાં સુધારો થઇ રહ્યો છે.જ્યારે ૧૪માં સ્થાન પર ભારત અંગે એવું કહેવાયું છે કે ત્યાં સ્થિતિ બગડી રહી છે. અને કુલ ૧૮ કેસો હજુ સુધી વણઉકેલ્યા રહ્યા છે. બીજી તરફ પાડોશી દેશ પાકિસ્તાનમાં સ્થિતિ સુધરી રહ્યાનો દાવો પણ કરાયો છે.

તાજા અહેવાલ મુજબ ૧ સપ્ટે.૨૦૦૮થી ૩૧ ઓગષ્ટ ૨૦૧૮ દરમિયાન પત્રકારોની હત્યાઓના આઁકડાનું વિશ્લેષણ કરી તૈયાર કરાયા છે.આ ઇન્ડેક્સમાં સોમાલીયાનું સ્થાન પહેલા નંબરે છે. જ્યારે બે દેશો અફઘાનિસ્તાન અને કોલંબિયા ફરીથી સામેલ કરાયા છે.અફઘાનિસ્તાનમાં કાબુલમાં પત્રકારોના સમુહને નિશાન બનાવાતા આત્મઘાતી હુમલો કરાયો હતો.જ્યારે કોલંબિયામાં માદક પદાર્થોના દાણચોરોએ ઇક્વાડોરના પત્રકારનું અપહરણ કરીને હત્યા કરી નાંખી હતી.સૌથી શક્તિશાળી પાસપોર્ટ સિંગાપુર અને જર્મનીનો ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેક્સની નવીનતમ રેન્કીંગમાં ભારતીય પાસપોર્ટ દુનિયામાં ૬૬માં ક્રમે છે.રેન્કીંગ પાસપોર્ટના વિઝા મુક્ત સ્કોર પર આધારિત હતી. પોતાના ધારકોને ૬૬ દેશો સુધી વિઝા મુક્ત પ્રવાસની મંજુરી આપતો ભારતીય પાસપોર્ટની રેન્કીંગમાં ગયા વર્ષની સરખામણીમાં નવ પોઇન્ટ સુધર્યો છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# રિચાર્જ થયા તમે ?

મથુર વસાવા. ઉના.

મોબાઇલ રીચાર્જનું માર્કેટ આજકાલ ખુબ ફુલુફાલ્યું છે.શહેરથી ગામ ભણી પગલાં માંડીએ ત્યારે ખુણે ખાંચરે નાની-મોટી બાપુની નહીં પણ રિચાર્જની મહુલીઓ નજરે પડે છે.દુકાનોની એક પછી એક શાખાઓ બેન્કોની જેમ ખુલતી જતી હોય છે.રિચાર્જ ન કરાવવાથી ટેલીવિઝનમાં ઝરમરીયા જ દેખાય.ટેલીવિઝનને પણ જાણે અમાસની રાતમાંથી પસાર થવું પડે. રિચાર્જ ન કરાવવાથી ટેલીવિઝનના ખંભાતી તાળા વાગી જાય એ વાત લગભગ નક્કી જ. રાતના આઠના ટકોરે ટી.વી. પર પ્રસ્તુત થતી સીરીયલો જોવા ન મળે. અને ફરજીયાતપણે રિચાર્જ ન કરાવવાથી આજના પતિદેવો પર પર્વત જેવી મોટી આફત આવી પડે. જ્યારે ટેલીવિઝનના રિચાર્જ થઇ જાય ત્યારે પતિદેવો પરની મોટી આફત ટળી જાય.

ઇન્ટરનેટ વિનાનો મોબાઇલ આજના યુવાનોને કેમ ગમે? આજના માનવીને જેમ જળ વિના જીવન નિરર્થક લાગે તેમ આજના યુવાનોને ઇન્ટરનેટ વિનાનો મોબાઇલ નિરર્થક લાગે. શહેરની મુખ્ય કચેરીઓના કોમ્પ્યુટરો ઇન્ટરનેટ કે રિચાર્જ વિના ઠપ થઇ જતા હોય છે.ગામડેથી કામ લઇને આવેલા ગ્રામજનો વિલુ મોઢું લઇ ગામ ભણી પરત જતા હોય છે. જે આશાએ ગ્રામજનો કચેરીએ આવતા હોય છે તે સઘળી આશાઓ નંદવાઇ જતી હોય છે. કચેરીઓના કારકુનોને જેમ શિયાળાની ટાઢમાં છીંક આવતી હોય તેમ વારંવાર બીગ બગાસાઓ આવતા હોય છે. જો આજ કચેરીઓમાં રિચાર્જ થઇ જાય અને ઇન્ટરનેટની દોડાદોડી શરુ થઇ જાય તો ખોરંભે ગયેલું કામ ફરી બેઠું થઇ જાય. ટી.વી. મોબાઇલ,બીલ અને કોમ્પ્યુટર જેવા કામો રિચાર્જ પર નભતા હોય છે. લકઝરી બસમાં ઉના જવાનું થયું ત્યારે બસમાં એક ડોકટરનો અભ્યાસ કરી રહેલો યુવાન બીજા ભાઇને કહી રહ્યો હતો આજે હોસ્પીટલમાં અને સ્કુલો નવી ખોલો એટલે ચાલી જ જાય. આજની ભાગદોડવાળી જીંદગીમાં માનવીને રિચાર્જ થવામાં ફુરસદ નથી. માનવી આખો દહાડો યંત્ર બની જાય છે.ઓફીસનું કામકાજનો અતિયશ બોજ ઉપાડી ઘરના ઊંબરે લાવી ઊથલાવી દેતો હોય છે. બાળકો પત્ની અને ઘરડા માંબાપ સાથે સુખ-દુઃખની વાતો કરી શકતો નથી.પરિવારમાં વાતતંતુની શરુઆત થાય ખરી પણ અર્ધ વચ્ચેથી તુટી જતી હોય છે.અરુણોદય થાય એટલે ઓફિસની અટેચી ઉપાડી મોટરસાયકલ પર બેસી ઓફિસ ભણી તેજ ગતિમાં જતો હોય છે.ઓફિસેથી સાંયકાળે ઘેર પરત ફરતો હોય ત્યારે થાક, નિરાશા,ક્રોધ અને તાણ વગેરે બિનજરુરી જીંદગીની ચીજો હાટ બજારમાંથી જાણે ખરીદીને ઘરમાં ખંખેરતો હોય તેમ લાગે છે.

ભાગદોડની જીંદગીમાં આજનો માનવી હસે ક્યારે ? આનંદ પામે ક્યારે?શાળાએથી મળેલું બાળકનું પ્રમાણપત્રક ક્યારે તપાસશે ? ઉગતા સુરજની વાત રહી દુર,પણ ડુબતા સુરજને ક્યારે નિહાળશે ? ઘરના આંગણાંમાં કે કુંડામાં તરોતાજા ખીલેલા ફુલોને ક્યારે નિહાળશે ? માનવી ઘણીખરી માણવા ની ચીજો જીંદગીમાં ખોઇ બેઠો છે.સતત ભાગદોડની જીંદગીમાં ઘડી બે ઘડી ખમી જાય તો માનવી રિચાર્જ થઇ શકે તેમ છે.જે માનવી ઓફિસનું કામકાજ ઘરમાં આવતાં જ ઊબરાની ખીંટીએ ટીંગાળી દઇને આવે તે માનવી પુરેપુરો રિચાર્જ થઇને પરિવારમાં ફુલ ટોકટાઇમમાં વાતચીત કરતો હોય છે.છૈયા છોકરાંઓ સાથે પેટ ભરીને વાતો કરતો હોય છે. માનવીનો સાંજે ચિમળાઇ ગયેલો ચહેરો બાળકોને જોતાં જ ખીલી ઉઠતો હોય છે.

અમારી છશાળાની ખેતીવાડી વિભાગ સંભાળતાં ભાઇ મેચ ફુલટાઇમ રિચાર્જ થયેલા જોયો છે. રસ્તે કોઇને ભેટો થઇ જાય ત્યારે તે સામેની વ્યક્તિને અચુક પુછે,કેમ ભાઇ મોજમાં ને ? સામેની વ્યક્તિ ઉત્તર મળતો હોય હા, ભાઇ મોજમાં જ હો. આપણે તો મોજમાં જ હોઇએ. આમ વાતનો ટુંકામાં જ અંત લાવે. તેમનો ચહેરો આખો દિવસ ખીલેલો જ જોવા મળે.ક્યારેય પણ વિષાદ ન અનુભવે. તેમના ચહેરા પર હાસ્યનું તરંગ અચુક જોવા મળે. ખેતી કામ તેઓ પુરી તાકાતથી કરે, કોઇને પણ આસપાસમાં ખલેલ પહોચાડે નહીં.કામમાં પુરેપુરુ ધ્યાન આપે. કામ કરવાની ધગશ તેમના લોહીમાં છે.તેમના ચહેરા પર તાજગી અને આનંદ જોઇને સામેની વ્યક્તિ આપોઆપ રિચાર્જ થઇ જવાય,કોઇપણ માનવી તેમનો ચહેરો જોઇને તાજગી અનુભવે,, માનસિક તાણ કે દુઃખમાં ડુંબેલો માનવી તેમનો ચહેરો જોઇને જીંદગીનો ભાર હળવો થઇ જાય.

રોજિંદી જીંદગીમાં આપણને ઘણા માનવીનો ભેટો થતો હોય છે. તેઓ થકી રિચાર્જ થવા માટે ઘણા વિકલ્પો મળતા હોય છે. દુઃખના બોજથી લદાયેલા કે દુઃખના કુવામાં પડેલા માનવીને તેમાંથી બહાર ખેચી કાઢનારા માનવીઓની આજે કાંઇ ખોટ નથી. આપણે જીંદગીરુપી બેટરી ફુલ રાખીએ અને વખતોવખત મળતા અવસરમાં રિચાર્જ થતા રહીએ.બીજું તો અંતે હું શું કહું આજે તો દસ રુપીયાનું પણ છોટા રિચાર્જ થાય છે.

## જાણવા જેવું

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતાય

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેકી હતી.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.


## કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.